BCCI ચૂંટણીમાં બરોડા ક્રિકેટ એસોસિએશનના વર્તમાન સત્તાધીશોને ફટકો

# પ્રણવ અમીનની ઉમેદવારી ફગાવાઈ

**કલ્પેશ પરમારની વાંધા અરજી મંજૂર,** BCCI ચૂંટણીના અંતિમ મતદાર મંડળમાં પ્રણવ અમીનનો સમાવેશ નહીં થાય

**કેરટેકર બોડી પાસે પ્રતિનિધિ** નિયુક્ત કરવાની સત્તા નહીં હોવાનું ઇલેક્ટોરલ ઓફિસરનું તારણ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.8
બરોડા ક્રિકેટ એસોસિએશનના BCCI ચૂંટણી-2026 માટેના પ્રતિનિધિ તરીકે પ્રણવ અમીનની થયેલી નિયુક્તિ સામે કરવામાં આવેલી વાંધા અરજીને BCCIના ઈલેક્ટોરલ ઓફિસરે સ્વીકારી છે. 8 સપ્ટેમ્બર, 2026ના રોજ આપવામાં આવેલા નિર્ણયમાં જણાવાયું છે કે BCAનું Apex Council અસ્તિત્વમાં ન હોવાથી કેરટેકર બોડી દ્વારા BCCI ચૂંટણી માટે પ્રતિનિધિની નિમણૂક કરી શકાય નહીં. BCAના સામાન્ય સભ્ય કલ્પેશ જનકસિંહ પરમારે 2 સપ્ટેમ્બરે પ્રણવ અમીનની ઉમેદવારી સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમનો મુખ્ય દાવો હતો કે ગુજરાત હાઈકોર્ટના 18 ફેબ્રુઆરી, 2026ના આદેશ મુજબ કેરટેકર બોડી માત્ર રૂટીન અને દૈનિક વહીવટી કામગીરી સુધી મર્યાદિત છે અને ચૂંટણી પ્રક્રિયાને અસર કરી શકે તેવો નિર્ણય લઈ શકતી નથી. ઈલેક્ટોરલ ઓફિસરે BCAના બંધારણની કલમ 15(6)નો પણ ઉલ્લેખ કર્યો છે, જેમાં BCCI માટે BCAના પ્રતિનિધિની નિમણૂક કરવાની સત્તા Apex Councilને આપવામાં આવી છે. જોકે, હાઈકોર્ટના આદેશ મુજબ જૂના Apex Councilની મુદત 19 ફેબ્રુઆરીએ પૂર્ણ થઈ ગઈ હતી અને માત્ર તેના Office Bearersને કેરટેકર બોડી તરીકે દૈનિક વહીવટ માટે ચાલુ હતાં. આથી 29 ઓગસ્ટે કેરટેકર બોડી દ્વારા પ્રણવ અમીનને BCAના BCCI પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરતો ઠરાવ માન્ય સત્તાધિકારી દ્વારા પસાર થયેલો ઠરાવ ગણાવી શકાય નહીં, એવું ઈલેક્ટોરલ ઓફિસરનું તારણ છે. પરિણામે, BCCI ઈલેક્ટોરલ ઓફિસર શ્રી એ.કે. જોટીએ પ્રણવ અમીનની nomination applicationને અધૂરી ગણાવી છે અને તેમને 18 સપ્ટેમ્બર, 2026ના BCCI Election માટે Final Electoral Rollમાં સામેલ કરવા અયોગ્ય ઠેરવ્યા છે. કલ્પેશ પરમારની વાંધા અરજી સ્વીકારવામાં આવી છે.

## અમે BCCI પાસેથી માર્ગદર્શન માંગીશુ



2019માં બરોડા ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ તરીકે ચૂંટાયા ત્યારથી મેં BCAના વિકાસ, ક્રિકેટની પ્રગતિ અને ક્રિકેટરોના કલ્યાણ માટે સંપૂર્ણ નિષ્ઠા અને સમર્પણ સાથે કાર્ય કર્યું છે. બરોડા ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ તથા 27 આંતરરાષ્ટ્રીય મેચોના સફળ આયોજન અમારી આ પ્રતિબદ્ધતા અને પ્રયત્નોના સાક્ષી છે. આગામી મહિનાઓમાં પણ અનેક આંતરરાષ્ટ્રીય મેચો યોજાનાર છે.BCCIની AGM અને અન્ય બેઠકો BCAના હિતોનું પ્રતિનિધિત્વ કરવા તેમજ એસોસિએશનના મહત્વપૂર્ણ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ અને પહેલોને આગળ વધારવા માટે મહત્વપૂર્ણ મંચ છે. BCAની કેરટેકર બોડીના પ્રતિનિધિ તરીકે હું એસોસિએશનના શ્રેષ્ઠ હિતોનું સકારાત્મક પ્રતિનિધિત્વ કરવા અને તેના વિકાસ તથા પ્રગતિ માટે સતત કાર્ય કરવા પ્રતિબદ્ધ છું.અમારી સમજ મુજબ BCCI ની આ એજીએમ ના એજન્ડા માં અનેક મુદ્દાઓનો સમાવેશ થયેલ છે. માનનીય ઇલેક્ટ્રલ ઓફિસર નો આદેશ મુખ્યત્વે મતદાન આધારિત મુદ્દાઓમાં ભાગ ન લઈ શકાય એના સંદર્ભે છે . જે મુદ્દાઓ માં મતદાન જરૂરી નથી અને BCA નું પ્રતિનિધિત્વ અને હિતોનું રક્ષણ થઈ શકતું હોય એવા મુદ્દાઓ માં હાજર રહી શકાય. આ બાબતે વધુ સ્પષ્ટતા મેળવવા માટે અમે BCCI પાસેથી માર્ગદર્શન માંગશું અને પ્રાપ્ત માર્ગદર્શન અનુસાર આગળ કાર્યવાહી કરીશું. **પ્રણવ અમીન,** BCA પ્રમુખ

વળતરની વાતે યુવાનોમાં રોષ : કંપની સામે ભભૂકતો રોષ

# બાજવા ગામના યુવાનની કિંમત GSFCએ માત્ર ૫ લાખ આંકી ?

અન્નત્યાગ આંદોલન વચ્ચે કંપનીની સામાન્ય વળતરની વાતથી ગ્રામજનોમાં ઉગ્ર રોષ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.8
બાજવા ગામમાં જીએસએફસી કંપનીમાંથી થયેલા ગેસ ગળતરના કારણે યુવાન ઘનશ્યામ ગોહિલના મોતનો મામલો હવે વધુ ગરમાયો છે. મોત બાદ પરિવારના શોક વચ્ચે હવે વળતરના મુદ્દે ગ્રામજનોમાં રોષનો જ્વાળામુખી ફાટી નીકળ્યો છે. મૃતક ઘનશ્યામ ગોહિલના પરિવારને યોગ્ય વળતર મળે અને ગેસ ગળતર માટે જવાબદારો સામે કડક કાર્યવાહી થાય તે માંગ સાથે બાજવા ગામના ગ્રામજનો, સમાજના લોકો અને સામાજિક આગેવાનોએ અન્નનો ત્યાગ કરીને આંદોલન શરૂ કર્યું છે. આંદોલન ચાલી રહ્યું હતું તે દરમિયાન કંપનીના અધિકારીઓ દ્વારા મૃતકના પરિવારને માત્ર સામાન્ય વળતર આપવાની વાત કરવામાં આવતા બાજવા ગામના યુવાનોમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે.

યુવાનોનો સવાલ છે કે, શું એક યુવાન માનવજીવનની કિંમત માત્ર 5 લાખ રૂપિયા આંકી શકાય? કંપની દ્વારા માનવજીવનને આટલું સસ્તું આંકવાની વાતથી લોકોમાં ભારે નારાજગી ફેલાઈ છે.

ગ્રામજનોએ કંપનીના આ વલણ સામે આક્રોશ વ્યક્ત કરતા સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે. જો મૃતકના પરિવારને યોગ્ય અને સન્માનજનક વળતર સહિતની માંગણીઓનો તાત્કાલિક ઉકેલ નહીં આવે, તો કંપની સામે જોરદાર જવાબ આપવામાં આવશે.

વાહનચાલકો અને રાહદારીઓને અડચણ કર્યાનો આક્ષેપ

# પાણીગેટ નજીક જાહેર રોડ પર પંડાલ બાંધતા ૪ સામે ફરિયાદ

**પંડાલનો માલસામાન** તપાસ અર્થે કબજે લેવામાં આવ્યો હતો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૮
જૂના પાણીગેટ પોલીસ સ્ટેશન નજીક જાહેર રોડ પર આવતાં-જતાં વાહનો અને રાહદારીઓને અડચણરૂપ થાય તે રીતે પંડાલ બાંધી ચકડોળ લગાવવાની તૈયારી કરતા પોલીસ ત્રાટકી હતી. સ્થળ ઉપરથી ચાર શખ્સ પોલીસના હાથે ઝડપાયા હતા. પંડાલ બાંધવા માટે પોલીસની જરૂરી મંજૂરી અંગે પૂછપરછ કરતા કોઈ મંજૂરી લીધી ન હોવાનું સામે આવ્યું હતું. સમગ્ર મામલે પાણીગેટ પોલીસે ચારેય સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર તા.3 સપ્ટેમ્બરના રોજ પોલીસ સ્ટાફ પાણીગેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. દરમિયાન રાત્રે આશરે 7:30 વાગ્યે જૂના પાણીગેટ પોલીસ સ્ટેશન નજીક પહોંચતા જાહેર રોડ પર ચાર ઈસમો લાકડાના પાટિયા અને પતરા લગાવી પંડાલ બાંધતા જોવા મળ્યા હતા. પંડાલના કારણે જાહેર રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો તથા રાહદારીઓને અડચણ ઊભી થતી હોવાનું પોલીસના ધ્યાનમાં આવ્યું હતું. પોલીસે સ્થળ પર હાજર ચારેય પાસેથી પંડાલ બાંધવા માટેની મંજૂરી અંગેના આધાર-પુરાવા માંગ્યા હતા. જોકે, તેમની પાસે કોઈ પોલીસ મંજૂરી ન હોવાનું જણાવાયું હતું. ત્યારબાદ પંચોને બોલાવી સ્થળ પર પંચનામું કરવામાં આવ્યું હતું અને પંડાલનો માલસામાન તપાસ અર્થે કબજે લેવામાં આવ્યો હતો.પોલીસે આ મામલે પ્રેમ દિનેશ કહાર, જીગર દિનેશ કહાર, સન્ની પુનમભાઈ કહાર અને હર્ષ રાજેશ કહાર સામે ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## એફિલ ટાવર મુલાકાત મુદ્દે 'મોટા જૂથને કારણે અગાઉથી સંકલન કરાયું હતું': BAPS

અમદાવાદઃ પેરીસ એફિલ ટાવરની મુલાકાતને લઈને કર્મચારીઓની ચિંતા અને મીડિયા અહેવાલો વચ્ચે BAPS સ્વામિનારાયણ સંસ્થાએ સ્પષ્ટતા કરી છે કે આશરે 100 સભ્યોના પ્રતિનિધિમંડળની મુલાકાત માટે ટાવરના સંચાલન તંત્ર સાથે અગાઉથી સંકલન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યાના જૂથને કારણે કર્મચારીઓ, અન્ય મુલાકાતીઓ અને ટાવરની કામગીરીમાં વિક્ષેપ ન પડે તે હેતુથી મુલાકાત સામાન્ય કામગીરી શરૂ થવાના સમયે રાખવામાં આવી હતી. બીએપીએસએ સ્પષ્ટ કર્યું હતુ કે આ વ્યવસ્થા કોઈ પણ રીતે લિંગ આધારિત વિનંતી નહોતી. સંસ્થા સમાનતા, પરસ્પર સન્માન અને સૌની સેવાના સિદ્ધાંતો પ્રત્યે પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું છે. મુલાકાત દરમિયાન કોઈ મુલાકાતી કે કર્મચારીને પ્રવેશથી વંચિત કરવામાં આવ્યા નહોતા. જોકે, કર્મચારીઓને કોઈ અસુવિધા કે અસ્વસ્થતા થઈ હોય તો બીએપીએસએ તેનો અફસોસ વ્યક્ત કર્યો છે અને એફિલ ટાવરના સંચાલન તંત્ર તથા કર્મચારીઓના સહકાર બદલ આભાર માન્યો છે.

વડોદરા જિલ્લામાં સુશાસન અને લોકકલ્યાણના પખવાડિયા/માસની ભવ્ય તૈયારીઓ

# ૧૭ સપ્ટેમ્બરથી વડોદરામાં 'સેવા સંકલ્પ અભિયાન'નો પ્રારંભ કરાશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૮
દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૨૫ વર્ષના સફળ સુશાસન અને લોકસેવાને જન-જન સુધી ઉજાગર કરવાના હેતુસર વડોદરા જિલ્લામાં આગામી ૧૭ સપ્ટેમ્બર થી ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ સુધી એક મહિનો ચાલનારું ભવ્ય 'સેવા સંકલ્પ અભિયાન' યોજાવા જઈ રહ્યું છે. આ અભિયાનને સફળ બનાવવા માટે વડોદરા જિલ્લામાં પદાધિકારીઓ અને જનપ્રતિનિધિઓની ખાસ બેઠક અને માર્ગદર્શક વર્કશોપ યોજાયો હતો. આગામી મહાઅભિયાનની રણનીતિ ઘડવા માટે યોજાયેલા આ વર્કશોપમાં પ્રદેશ આઈ.ટી. સેલના ઈન્ચાર્જ નિખિલભાઈ, પ્રભારી ડૉ. ઋત્વિજભાઈ પટેલ અને જિલ્લા પ્રમુખ ડૉ. બી. જે. બ્રહ્મભટ્ટ સાહેબ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે જિલ્લા સંગઠનના અગ્રણી હોદ્દેદારો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓએ મોટી સંખ્યામાં હાજરી આપી અભિયાનને સફળ બનાવવા માટેના સૂચનો અને આયોજન પર ચર્ચા કરી હતી.



આ અભિયાન અંતર્ગત ૧૩ વિવિધ આયામોમાં વિવિધ સેવાકીય કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સમાજના તમામ વર્ગો જેવા કે ગરીબો, યુવાનો, ખેડૂતો અને મહિલાઓને વિશેષરૂપે આવરી લેવામાં આવશે. આંગણવાડીઓમાં જઈને નાના બાળકોને ફ્રૂટ અને રમકડાંનું પ્રેમપૂર્વક વિતરણ કરવામાં આવશે. જિલ્લાની હોસ્પિટલોમાં દર્દીઓની મુલાકાત અને વિવિધ સેવાકીય કાર્યો યોજાશે. રાજ્ય સરકારના સંકલનથી 'સેવા સેતુ'ના કાર્યક્રમો યોજીને નાગરિકોના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવશે. 'સ્વચ્છ ભારત'ના સ્વપ્નને સાકાર કરવા ગામડે-ગામડે અને શહેરોમાં સફાઈ તથા સ્વચ્છતા અભિયાનને વિશેષ પ્રાધાન્ય અપાશે. આખો મહિનો ચાલનારું આ સેવા અભિયાન સંપૂર્ણપણે 'જનભાગીદારી'ના આધારે આગળ વધશે.

પતિ-પત્ની વચ્ચે ચાલતા અણબનાવનો વિવાદ ઉગ્ર બન્યો

# સમાધાન કરાવવા માટે ભેગા થયેલા બે પરિવાર વચ્ચે ધિંગાણુ

(પ્રતિનિધિ) વડોદરા તા.8
વાંકાનેર ગામે પતિ-પત્નીના અણબનાવનું સમાધાન કરાવવા માટે બંને પક્ષના પરિવારજનો ભેગા થયા હતા. જોકે, વાતચીત દરમિયાન ઉગ્ર બોલાચાલી બાદ બંને જૂથ વચ્ચે મારામારી થઈ હતી. એક તરફ પત્નીએ પતિ સહિત ચાર સામે ગળું પકડી ગડદાપાટુનો માર મારવાનો આક્ષેપ કર્યો છે. જ્યારે બીજી તરફ પતિના પિતાએ પણ ચાર શખ્સો સામે મારામારી અને જાનથી મારી નાખવાની ધમકીની ફરિયાદ નોંધાવી છે. ભાદરવા પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વાંકાનેર રણાવાસ વિસ્તારમાં રહેતી મહિલાના લગ્ન અજરૂદિન રણાની સાથે થયા હતા. બંને વચ્ચે અણબનાવ થતાં મહિલા રિસાઈને પિતાના ઘરે જતી રહી હતી. આ મામલે સમાધાન કરવા માટે બંને પક્ષના પરિવારજનો ભેગા થયા હતા. દરમિયાન મહિલાના પિતાએ સોશિયલ મીડિયામાં પુત્રીના ફોટા ખોટી રીતે મૂક્યા હોવાનો મુદ્દો ઉઠાવતા વિવાદ થયો હતો. અજરૂદિને પોતાની ભૂલ સ્વીકારી હતી. મહિલાએ માફી માંગતો વીડિયો મૂકવા કહેતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો બોલી મહિલાનું ગળું પકડી ગડદાપાટુનો માર માર્યો હતો. મહિલાને છોડાવવા આવેલા સંજય ઉર્ફે લાલાભાઈને પણ માર મારવામાં આવ્યો હતો. ત્યારબાદ અન્ય શખ્સો વચ્ચે પડતાં તેમની સાથે પણ મારામારી થઈ હતી અને જાનથી મારી નાખવાની ધમકી અપાઈ હોવાનો આક્ષેપ છે. અજરૂદિનના પિતા ખુમાનસિંહ રણાએ પણ સંજય ઉર્ફે લાલો, અશરફભાઈ, અનવરભાઈ અને રંગીતભાઈ સામે ફરિયાદ નોંધાવી છે. તેમનો આક્ષેપ છે કે સમાધાન દરમિયાન ચારેય શખ્સોએ અજરૂદિનને ગાળો આપી ગડદાપાટુનો માર માર્યો હતો. તેને છોડાવવા આવેલા યુસુફભાઈ અને તેમની પત્ની રસિદાબેન સાથે પણ મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આચરી નાણાકીય લાભ મેળવ્યો હોવાનો આક્ષેપ

# ગૌવંશની ચોરી-કતલના ગુનામાં સજા કાપતા ચાર આરોપીના જામીન રદ

**હથિયારો સાથે** હુમલો, સરકારી કર્મચારીઓની ફરજમાં અવરોધ કર્યો હતો

**રાજ્યમાં સંગઠિત** રીતે ગુનાઓ આચર્યા હોવાનો પોલીસનો દાવો

(પ્રતિનિધિ) વડોદરા તા.8
ગોધરા શહેર બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ (GCTOC)ના ગંભીર ગુનામાં જેલમાં રહેલા ચાર આરોપીઓ જેલમાં સજા કાપી રહ્યા છે. આ આરોપીઓ દ્વારા જેલ મુક્ત થવા માટે કરવામાં આવેલી રેગ્યુલર જામીન અરજીઓનો સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યાએ વિરોધ કરી ધારદાર દલીલો રજૂ કરી હતી. દલીલો તથા કેસની ગંભીરતા ધ્યાનમાં લઈ નામદાર કોર્ટે ચારેય આરોપીઓની રેગ્યુલર જામીન અરજીઓ રદ કરવાનો હુકમ કર્યો છે. સંગઠિત ગુનાની ટોળકી બનાવી ગેરકાયદે પ્રવૃત્તિનો આક્ષેપ ગોધરા શહેર બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં વર્ષ 2022માં GCTOC એક્ટની કલમ મુજબ ગુનો નોંધાયો હતો. પોલીસ ફરિયાદ મુજબ મુખ્ય આરોપી મેહફુજ યાકુબ હયાત સહિતના આરોપીઓએ સંગઠિત ટોળકી બનાવી ગૌવંશની ચોરી અને કતલ જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આચરી નાણાકીય લાભ મેળવ્યો હોવાનો આક્ષેપ છે. આરોપીઓએ છેલ્લા દસ વર્ષ દરમિયાન પંચમહાલ, મહીસાગર, અમદાવાદ અને ભરૂચ સહિતના વિસ્તારોમાં સંગઠિત રીતે ગુનાઓ આચર્યા હોવાનો પોલીસનો દાવો છે.

હથિયારો સાથે હુમલો, સરકારી કર્મચારીઓની ફરજમાં અવરોધ, જાનથી મારી નાખવાની ધમકી તેમજ મિલકતને નુકસાન પહોંચાડી લોકોમાં ભય ફેલાવ્યાના ગંભીર આક્ષેપો પણ કેસમાં કરવામાં આવ્યા છે. આ કેસમાં આરોપીઓ સામે તપાસ પૂર્ણ થયા બાદ તા.23 જૂન 2022ના રોજ ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી.

હાલ જેલમાં રહેલા મહેફૂસ યાકુબ હયાત, શબ્બીર યાકુબ હયાત, મહેફૂઝ ઉર્ફે મુન્નો હુસેન બદામ અને અબ્દુલ પ્રભુ હાજી હુસેન બદામ ઉર્ફે હાજી દ્વારા રેગ્યુલર જામીન માટે અરજી કરવામાં આવી હતી. સરકારી પક્ષની દલીલો બાદ કોર્ટે ચારેય અરજીઓ નામંજૂર કરી હતી.

સગીરાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ કેસ

# પિતા-પુત્રને સેન્ટ્રલ જેલના સળિયા પાછળ ધકેલી દેવાયા

**શારીરિક સંબંધ** બાંધ્યા બાદ પરિવારને ધમકી આપી હતી

(પ્રતિનિધિ) વડોદરા તા.8
વડોદરાના તરસાલી વિસ્તારમાં સગીરાને લગ્ન કરવાની ખાતરી આપી તેની સાથે વારંવાર શારીરિક સંબંધ બાંધવાના કેસમાં કપુરાઈ પોલીસે પિતા-પુત્રની ધરપકડ કરી હતી. પોલીસે બંને આરોપીઓને રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે બંનેને કસ્ટડીમાં મોકલવાનો હુકમ કર્યો હતો. તરસાલીમાં રહેતો દીપ વિશાલભાઈ બર્મન સગીરાને પોતાની બાઈક પર બેસાડી લઈ ગયો હતો. ત્યારબાદ નેશનલ હાઈવે-48 પર તરસાલી બ્રિજ નજીક આવેલી હોટેલ તેમજ પોતાના ઘરે લઈ જઈ સગીરાને લગ્ન કરવાની ખાતરી આપી હતી. આ દરમિયાન દીપે સગીરા સાથે વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સમગ્ર ઘટનાની જાણ સગીરાના પરિવારજનોને થતાં તેમણે દીપ બર્મન અને તેના પિતા વિશાલભાઈનો સંપર્ક કર્યો હતો. આ દરમિયાન બંનેએ પરિવારજનોને ધમકી આપી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ મામલે સગીરાના પરિવારજનોએ કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે દીપ બર્મન અને તેના પિતા વિશાલભાઈ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS), 2023ની વિવિધ કલમો તેમજ POCSO એક્ટ હેઠળ ગુનો નોંધી બંનેની ધરપકડ કરી હતી. ત્યારબાદ પોલીસે બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. કોર્ટે બંને આરોપીઓને સેન્ટ્રલ જેલની કસ્ટડીમાં મોકલવાનો હુકમ કરતાં પિતા-પુત્રને જેલહવાલે કરવામાં આવ્યા હતા.

જનરેટરના ખર્ચામાં તો નવી લાઈન નંખાઈ જાય !

# માંજલપુર-વડસર રોડ પર ડ્રેનેજ લાઈન બ્લોક થઈ જતાં હાલાકી

(પ્રતિનિધિ) વડોદરા તા.8
વડોદરા શહેરના વોર્ડ નંબર 18 માં આવેલા માંજલપુર વિસ્તારના વડસર બ્રીજ પાસે છેલ્લા ઘણા સમયથી ડ્રેનેજ સિસ્ટમની ગંભીર સમસ્યાએ ભારે વિવાદ સર્જ્યો છે. રેલવે હદમાંથી પસાર થતી ડ્રેનેજ લાઈનમાં ચોક્કસ કારણોસર મોટું બ્લોકેજ સર્જાતાં, આ ગંદુ પાણી માંજલપુરની સ્થાનિક ડ્રેનેજ લાઈનમાં ડાયવર્ટ કરવાની કામગીરી મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી છે. જોકે, આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાને બદલે પાલિકા તંત્ર છેલ્લા બે મહિના કરતાં પણ વધુ સમયથી જનરેટર અને પમ્પિંગ મશીનો મૂકીને આ ગંદુ પાણી ઉપાડીને સ્થાનિક લાઈનમાં ઠાલવી રહ્યું છે. જનરેટર અને ટેમ્પરરી પમ્પિંગ સિસ્ટમ પાછળ છેલ્લા બે મહિનામાં કન્ટ્રાક્ટર અને બળતણનો



જેટલો અધધ ખર્ચ કરવામાં આવ્યો છે, તેટલા ખર્ચમાં તો ડ્રેનેજની નવી આખી લાઈન નંખાઈ ગઈ હોત તેવી તીખી ચર્ચાઓ સ્થાનિકોમાં જાગી છે. મહાનગરપાલિકા દ્વારા આ કામગીરી માટે વહેલી સવારથી જ વડસર બ્રીજ પાસેના મુખ્ય રસ્તાનો અડધો ભાગ રોકી દેવામાં આવે છે, જેના કારણે ભારે ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. આ એ જ મુખ્ય રસ્તો છે જ્યાંથી દરરોજ સવારે માંજલપુર વિસ્તારના હજારો લોકો પોતાના વાહનો લઈને નોકરી-ધંધા અર્થે નીકળે છે. રસ્તો સાંકડો થઈ જવાથી અવારનવાર અકસ્માતની સ્થિતિ નિર્માણ પામે છે. આ ઉપરાંત, વહેલી સવારે નાના-નાના ભૂલકાંઓને લઈને જતી સ્કૂલ વાન, રિક્ષા અને મોટા સ્કૂલ બસો પણ આ જ ભયજનક રસ્તેથી પસાર થાય છે. અડધા રસ્તા પર મશીનરી અને પાઈપોનો ખડકલો હોવાના કારણે ગમે ત્યારે મોટો અકસ્માત સર્જાય અને નિર્દોષ બાળકો ભોગ બને તેવી ભીતિ સેવાઈ રહી છે.

અકસ્માત બાદ હાઈવે પર લોકટોળા ઉમટ્યા

# વાઘોડિયા-કપુરાઈ રોડ પર અકસ્માત, પિતા-બે પુત્રને ઈજા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.8
વડોદરા નજીક વાઘોડિયાથી કપુરાઈને જોડતા મુખ્ય માર્ગ પર હિટ એન્ડ રનની ઘટના બની હતી. એક અજાણ્યા પૂરઝડપે આવતા વાહને બાઈકને જોરદાર ટક્કર મારતા બાઈક પર સવાર પિતા અને તેમના બે નાના પુત્રો રોડ પર ફંગોળાઈને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અજાણ્યા વાહનની ટક્કરના કારણે ત્રણેય રોડ પર પટકાયા હતા. બનાવને જોતાની સાથે જ આસપાસના લોકો અને વાહનચાલકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને માનવતાના ધોરણે બચાવ કામગીરી શરૂ કરી હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિકોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને કોલ કર્યો હતો. એમ્બ્યુલન્સ મારફતે ત્રણેય ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે વડોદરાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત



ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. બીજી તરફ અકસ્માતને પગલે વાઘોડિયા-કપુરાઈ હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ટ્રાફિકજામ સર્જાયો હતો. બનાવની જાણ થતા વાઘોડિયા પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને ટ્રાફિકને રાબેતા મુજબ કર્યો હતો. અકસ્માત સર્જીને ફરાર થઈ ગયેલા અજાણ્યા વાહન ચાલકને ઝડપી પાડવા પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવા સાથે વધુ તપાસ શરૂ કરી છે.

## મહારાજા &સ્પીડેક્સ ઈન્ડિયાનો IPO તા.10મીએ ખુલશે

વડોદરા : મહારાજા એન્ડ સ્પીડેક્સ ઈન્ડિયા લિમિટેડનો ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (IPO) 10 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે અને 15 સપ્ટેમ્બરે બંધ થશે. કંપની BSE SME પ્લેટફોર્મ પર લિસ્ટિંગ માટે 80.13 કરોડ સુધી એકત્ર કરવાની યોજના ધરાવે છે. IPOમાં 10ના ફેસ વેલ્યુવાળા કુલ 43.08 લાખ ઈક્વિટી શેર ઓફર કરવામાં આવશે. જેમાં 34.46 લાખ શેરનો ફ્રેશ ઈશ્યુ અને 8.61 લાખ શેરનો ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે. શેરનો પ્રાઈસ બેન્ડ 177થી 186 નક્કી કરાયો છે, જ્યારે લોટ સાઈઝ 600 શેરની છે. કંપની સ્ટેનલેસ-સ્ટીલ બોટલ્સ અને ડ્રિંકવેર પ્રોડક્ટ્સનું ઉત્પાદન તથા વિતરણ કરે છે. તેના 'સ્પીડેક્સ' અને 'ડ્યુડ્રોપ' બ્રાન્ડ ઉપરાંત કંપની OEM અને પ્રાઈવેટ-લેબલ બિઝનેસમાં પણ કાર્યરત છે. IPOમાંથી મળનારી રકમનો ઉપયોગ ચોક્કસ બેંક લોનની ચુકવણી/પૂર્વચુકવણી, પ્લાન્ટ અને મશીનરીમાં મૂડી ખર્ચ તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે.

CID ક્રાઇમ દ્વારા વડોદરા સેન્ટ્રલ જેલમાંથી ટ્રાન્સફર વોરંટ દ્વારા ધરપકડ કરાઈ

# રૂ.૫ કરોડના રોકાણના બહાને કરાયેલા કૌભાંડમાં પૂર્વ ડિરેક્ટરની ધરપકડ કરાઈ

**આરોપી વિશાલ** ચૌધરીના 11 સપ્ટેમ્બર સુધીના રિમાન્ડ મંજૂર કરાયાં

(પ્રતિનિધિ) વડોદરા તા.8
લોભામણી રોકાણ યોજનાઓમાં ઊંચું વળતર આપવાની લાલચ આપી કરોડો રૂપિયા એકત્ર કર્યા બાદ રોકાણકારોના નાણાં પરત નહીં કરવાના વર્ષ 2017ના કેસમાં CID ક્રાઈમની તપાસ તેજ બની છે. 'સમૃદ્ધ જીવન મલ્ટી સ્ટેટ મલ્ટી પર્પઝ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ'ના પૂર્વ ડિરેક્ટર વિશાલ કાશીનાથ ચૌધરીની ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરાયા બાદ CID ક્રાઈમે આરોપીના રિમાન્ડની માગણી કરી હતી. આ અંગે DGP અનિલ દેસાઈએ કોર્ટ સમક્ષ દલીલો રજૂ કરી હતી.

દલીલો પૂર્ણ થયા બાદ કોર્ટે આરોપીના 11 સપ્ટેમ્બર 2026ના સવારે 11 વાગ્યા સુધીના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ કેસમાં ફરિયાદી સહિતના રોકાણકારો પાસેથી સોસાયટી દ્વારા રૂ.1.66 કરોડ લેવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે. તપાસ દરમિયાન અન્ય ભોગ બનનાર સાક્ષીઓના નાણાં પણ પરત ન કરાયા હોવાનું સામે આવતા કુલ રકમ રૂ.5.03 કરોડ સુધી પહોંચી હોવાનું રિમાન્ડ રિપોર્ટમાં જણાવાયું છે.ગુજરાતમાં આશરે 40 બ્રાંચ હતી, જેમાં વડોદરાના અલકાપુરી વિસ્તારમાં પણ બ્રાંચ કાર્યરત હતી. ગુજરાતમાં 50 હજારથી વધુ અને સમગ્ર ભારતમાં 4 લાખથી વધુ રોકાણકારો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. CIDના જણાવ્યા મુજબ વિશાલ ચૌધરી વર્ષ 2012થી 2019 સુધી સોસાયટી તથા સંકળાયેલી સંસ્થાઓમાં ડિરેક્ટર તરીકે રહ્યા હતા.

સમૃદ્ધ જીવન ગ્રુપ સાથે જોડાયેલી 25થી વધુ કંપનીઓ, બેંક ટ્રાન્ઝેક્શન, મિલકતોની ખરીદી અને રોકાણકારોના નાણાં ક્યાં વપરાયા તે અંગે તપાસ કરવાની બાકી છે. આરોપી પાસેથી રોકાણકારોના નાણાં ક્યાં સગેવગે થયા, તેની મિલકતો તથા બેંક વ્યવહારો અને અન્ય કંપનીઓમાં થયેલા નાણાકીય વ્યવહારો અંગે પૂછપરછ કરવામાં આવશે. હવે કોર્ટ દ્વારા 11 સપ્ટેમ્બર સવારે 11 વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર થતાં CID ક્રાઈમને વધુ ઊંડાણપૂર્વક તપાસ કરવાનો સમય મળ્યો છે.

રૂ ભરેલા થેલા-ગાદલા બળીને ખાખ

# સમતાની એ-વન ગાદલાની દુકાનમાં શોર્ટ સર્કિટથી આગ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.8
વડોદરા શહેરના સમતા વિસ્તારમાં આગની ઘટનાએ તંત્રમાં દોડધામ મચાવી હતી. સમતા ખાતે આવેલી એ-વન ગાદલા નામની દુકાનમાં શોર્ટ સર્કિટને કારણે અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. દુકાનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જ વેપારીઓ અને સ્થાનિકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડને જાણ કરવાની સાથે જ લોકોએ જાતે જ પાણીનો મારો ચલાવીને આગ પર કાબુ મેળવવાના પ્રયાસો શરૂ કરી દીધા હતા. બનાવની જાણ થતા જ ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને આગ પર સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. દુકાનના માલિક વસીમભાઈએ જણાવ્યું હતું કે, દુકાનમાં શોર્ટ સર્કિટ થયું હતું. દુકાનની અંદર રૂ ભરેલા થેલા ગાદલા આગમાં બળી ગયા છે. ફાયર સૈનિક દીપક ગઢવીએ જણાવ્યું હતું કે, અમને ફાયર એન્ડ ઈમરજન્સી કંટ્રોલરૂમમાં મેસેજ મળ્યો હતો કે સમતા વિસ્તારમાં એક દુકાનમાં આગ લાગી છે. જેથી અમે તાત્કાલિક ફાયર ટેન્કર સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને આગને બુઝાવી દીધી હતી.